સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

પ્રચારનો રેલો કબ્રસ્તાન-સુધી પહોંચી જ ગયો!
ને પંચનો ફતવો સ્મશાન સુધી પહોંચી જ ગયો!
'એક આંખે' જોનારાને ખટકે કોમવાદી કણો -
વિકાસનો દંભ વિખવાદ સુધી પ્હોંચી જ ગયો!
(વડાપ્રધાનશ્રીને સમત્વ દૃષ્ટિ!!)

હાઈકુ

ધારાસભ્યમાં,
ગાજ્યો નલિયા કાંડ -
છાપરે ચઢી!

ચીફ સચિવો -
આદેશો સૂણીને જ -
આવે એટેક?!

ચિંતન

યથા બુદ્ધિ તથા વિભવ:

જેવી બુદ્ધિ તેવો વૈભવ.

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

મનુષ્ય જેવી બુદ્ધિ ધરાવે છે તેવી એની સંપત્તિ હોય છે. દુષ્ટ મનુષ્યોની સંપત્તિ ખોટા માર્ગે એકત્ર થયેલી હોય છે. જયારે સજ્જન માનવી પરિશ્રમ અને પ્રામાણિકતા ધન કમાય છે.

લક્ષ્મીજી બે પ્રકારનાં હોય છે સુલક્ષ્મી અને અલક્ષ્મી. સત્કાર્યો - પરિશ્રમ અને કર્તવ્ટનિષ્ઠા દ્વારા પ્રાપ્ત સુલક્ષ્મી છે જે સત્કાર્યોમાં અને સારા માર્ગે જ વપરાય છે તે સુખ શાંતિ આપે છે.

દુર્લક્ષ્મી કુકાર્યો -કૌભાંડો-ખાયકી દ્વારા એકત્ર થાય છે જે પાપ કર્મોમાં જ વપરાય છે. તે રોગો-દવા-દવાખાનામાં જ ઉપયોગી થાય છે દુર્લક્ષ્મી આવતાં ચિંતા અને આપત્તિઓ પણ આવે છે જેનાથી મન અશાંત રહે છે.

આમ ધર્મ બુદ્ધિથી સદ્‌વિચાર અને સુલક્ષ્મી આવે અને અધર્મબુદ્ધિથી દુર્વિચાર અને અલક્ષ્મી આવે છે.

સુવિચાર

- સાંસારિક હિતાહિતનું ભાન જતું રહે તે મોહ - **એસ. ભટ્ટાચાર્ય**
- 'વૃત્તિ' સારી ન હોય તેવી પ્રવૃત્તિના વખાણ કયારેય ન કરવા - **કાંતિ ભટ્ટ**
- જીવનનો 'ફ્યુઝ' ઉડી જાય તે પહેલા તેનો સાચો 'યુઝ' કરી લેજો - **કાજલ ઓઝા**
- દુનિયામાં દરેક વ્યક્તિ પોતાની લાયકાત પ્રમાણે ચમકે છે... ઈચ્છા પ્રમાણે નહિ - **ડો. જીતેન્દ્ર અદિયા**
- છા જાતી હૈ ચુપ્પી, ગર ગુનાહ અપને હોં, બાત દૂજે કી હો તો શોર બહુત હોતા હૈ - **રીઝવાન ગુજરાતી**
- શિખામણમાંથી રસ્તા મળી જાય કદાય... પણ સાચી દિશાઓ તો ભૂલ કરવાથી જ મળે છે - **શાહબુદ્દિન રાઠોડ**
- આજનું ઔષધ : કારીનો ભૂકો બાળી તેનો ધુમાડો લેવાથી હેડકી બંધ થાય છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

રાજા પ્રજા વત્સલ ન હોય, ગમેતેવા ગાંડા આદેશો આપી પ્રજાને દુભવતો હોય, કૌભાંડો અને ખાયકીને પ્રોત્સાહન આપતો હોય અને પ્રજાના પૈસાનો દુરુપયોગ કરતો હોય તો એવા 'કડવા' રાજાને પ્રજા એક દિવસ ઉખેડી ફેંકી નાખે છે.

એક રાજા દુરાચારી અને નિર્દય હતો. માત્ર પ્રજા જ નહીં તેનું મંત્રીમંડળ અને તંત્ર પણ તેનાથી ત્રાસી ગયું હતું. બધા સંપી ભગવાન બુદ્ધ પાસે ગયા અને કંઈક ઈલાજ કરવા વિનંતી કરી.

એકવાર ભગવાન બુદ્ધ રાજમહેલ ગયા રાજા સાથે રોકાયા - સાંજે ઉપવનમાં લટાર મારવા ગયા. આંબાના કયારામાં એક લીમડાનો છોડ ઉગ્યો હતો. બુદ્ધે રાજાને કહ્યું આ છોડના બે ચાર પાન ચાવી જો તો... રાજા એ લીમડાના પાન ચાવ્યા અને થૂ-થૂ કરી થૂંક્યાં - ગુસ્સામાં છોડ પણ ઉખેડી ફેંકી દીધો...

ભગવાન બુદ્ધે પૂછ્યું - પણ તમે છોડ ઉખેડી ફેંકી કેમ દીધો?

આવા કટુ છોડને આ ઉપવનમાં રખાય જ નહીં. ભવિષ્યમાં વિષવૃક્ષ બને!

ભગવાન બુદ્ધ કહે - રાજન્, આ સમાજમાં કટુ સ્વભાવના લોકો પણ આમ જ એક દિવસ ફેંકાઈ જશે. માણસે સર્વ સાથે પ્રેમ-ન્યાય-નિષ્ઠાથી જ વર્તન કરવું જોઈએ. રાજા પર બોધ સારી અસર થઈ. પરિવર્તન થયું.

કોંગ્રેસ માટે તક સોનેરી

તંત્રીસ્થાનેથી...

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ૨૦૧૭ની ચૂંટણીઓમાં પૂરી તાકાત સાથે 'કમ બૅક' કરવા કટિબદ્ધ થઈ રહી છે. આ જગતમાં કશું જ કાયમી નથી. તેથી અહીં કોઈ એક નેતા કે રાજકીય પક્ષનું શાસન યાવચ્ચંદ્ર દિવાકરો ચાલતું રહે એવો ભ્રમ રાખવાની જરૂર નથી. પ્રજા પાસે નેતાઓને પારખવાની એક છઠ્ઠી ઈન્દ્રિય પણ હોય છે અને તે બરાબર સમય જોઈને સક્રિય બનતી હોય છે. નરેન્દ્ર મોદીનો ઉદય અને રાજકીય ક્ષેત્રે ઊર્ધ્વારોણ એ ગુજરાતના ઈતિહાસની અભૂતપૂર્વ ઘટના હતી એ વિશે બે મત નથી. એમણે ભાજપની ડૂબતી નૈયાને બચાવી લઈને એક લાંબી રેસના ખેલાડી તરીકેની લાયકાત પુરવાર કરી છે પરંતુ દરેક ઘટનાની એક અવધિ પણ હોય છે. આ વાત મોદી સહિત શાસક પાર્ટી ભાજપના તમામ અગ્રણીઓ સુપેરે સમજે છે. તેથી આવી રહેલી આંધી પૂર્વે જાગ્રત થઈ જઈ પાણી પહેલાં પાળ બાંધવાની કૂટનીતિ અપનાવવામાં એ કોઈ જ કોરકસર નહીં જ રાખે તે સમજી શકાય એમ છે. પરંતુ આવેલ કોળિયો ત્યાં ને ત્યાં અટકી જતો હોય છે. કોંગ્રેસ માટે આવી તકો અગાઉ પણ આવેલી, પરંતુ એક યા બીજા કારણસર કોંગ્રેસ એ તક ઝડપી શકી નહોતી, તે જ ઈતિહાસ ફરી એક વાર પુનરાવર્તન પામે તો આશ્ચર્ય ન થવું જોઈએ. શાસક પાર્ટીએ સમયાંતરે વિપક્ષને અનેક મુદ્દા સોનાની તાસકમાં આપ્યા છે. ઊનાના દલિતકાંડથી લઈ નલિયાના ધૃણાસ્પદ દુષ્કર્મકાંડ જેવા મુદ્દા કોઈ પણ વિપક્ષને ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી બેઠું કરવા માટે પૂરતા ગણાય. આ મુદ્દોઓ પર ફક્ત એકાદ રાજયની નહીં બલકે દેશની ચૂંટણી જીતી શકાય, કારણ કે આપણી પ્રજા આવી બાબતોમાં ખૂબ જ સેન્સિટિવ છે. દિલ્હીના નિર્ભયાકાંડે કોંગ્રેસને ઘર ભેગી કરવામાં મહત્ત્વનો રોલ ભજવ્યો હતો, તે કોણ નથી જાણતું ? પ્રજાને શાસક પક્ષના ચારિત્ર્ય પર શંકા જાગે ત્યારે એ વીફર્યા વગર નથી રહેતી. પરંતુ સામે વિપક્ષનું ચારિત્ર્ય ડાઘ વગરનું હોય તે પણ એટલું જ જરૂરી છે. સિત્તેર વર્ષની લોકશાહી દરમિયાન પ્રજા એટલું તો સમજી જ છે કે રાજકીય પક્ષો અને નેતાઓ આખરે તો એક જ માળાના મણકા જેવા હોય છે. હાથીની જેમ ચાવવાના અને બતાવવાના દાંત જુદા હોય છે. તેથી હવે પ્રજા આવી સંવેદનશીલ ઘટનાઓ પછી પણ રસ્તા પર ઊતરી આવવાને બદલે હળવે હૈયે રાજકીય પક્ષોની લીલાનું નિરીક્ષણ અને આકલન કરતી રહે છે. આજથી વીસ-પચ્ચીસ વરસ અગાઉ આ જ ગુજરાતની પ્રજા નાના-નાના મુદ્દાઓ પર આંદોલન શરૂ કરી દેતી હતી. તેલના ભાવવધારા સામે શહેરોની શેરીઓમાં સરઘસ નીકળતાં હતા. હવે એવાં પ્રજાકીય આંદોલનો ફક્ત પાટીગારોની અનામત માટે કે ઠાકોરોની વ્યવનમુક્તિના નામે જાતિ વિશેષ પૂરતાં સીમિત બની ગયાં છે. ઊના દલિતકાંડ સાથે સવર્ણ પ્રજાને જાણે કશી જ લેવા દેવા નથી, બલકે ખુદ દલિતોમાં પણ આ મુદ્દે મતભેદો - પેટાજાતિઓની મોંકાણ પ્રવર્તે છે. કોંગ્રેસ માટે આ તમામ કાચી સામગ્રી પડેલી છે, જેનું પદ્ધતિસરનું સંયોજન કરીને તે શાસક ભાજપ સામે મોડો પડકાર સરજી શકે એમ છે. નલિયાથી ગાંધીનગર સુધીની ફ્રૂચમાં જ કહેવાતા અંતરવિરોધો ચર્ચામાં છે, તે કોંગ્રેસની મર્યાદા બની રહેલ છે કે શું ? એવું નથી કે કોંગ્રેસ પાસે નેતૃત્વનો શૂન્યાવકાશ છે. કોંગ્રેસ પાસે મુખ્યમંત્રીપદ શોભાવી શકે એવા ચાર-પાંચ પ્રતિભાશાળી ચહેરા છે, પરંતુ એમની વચ્ચે સંકલનનો અભાવ હોવાની વાતો સતત ચર્ચાયી રહે છે. અહમદ પટેલ જેવા ચાણક્યબુદ્ધિ ધરાવતા ગુજરાતી નેતાએ કોંગ્રેસના હાઈકમાડમાં દાયકાઓથી પોતાનું આગવું સ્થાન જાળવી રાખેલું છે. જો તેઓ ગુજરાતને લક્ષ્ય બનાવીને આગામી ચૂંટણીમાં કોંગ્રેસના શિથિલ સંગઠનને ચુસ્ત બનાવવા પ્રયાસ કરે તો પરિણામ મળી શકે એમ છે. પરંતુ હિંદીમાં એક કહેવત પણ છે : 'વો દિન કહાં કિ મિયાં કે પાંવ મેં જૂતી ?'

સાચી લાગણીની અભિવ્યક્તિ તો માતૃભાષામાં જ થાય ને!

નવાં કલેવર
નટવર હેડાઉ

ગઈકાલે સાંજે કવિશાના જન્મદિવસની પાર્ટી હતી. આજ કવિતા માટે મોજમસ્તીનો દિવસ હતો. પણ મમ્મા અને પપ્પાને મોડે સુધી સુઈ રહેવાની આદત હતી.

આમ પણ કવિશા અઠવાડિયાના બાકીના દિવસો કયારેક દાદા, દાદી, સાથે તો કયારેક નાના-નાની સાથે જ વિતાવતી. દાદા તેને ખભે બેસાડી બગીચામાં ફરવા લઈ જતા. તો દાદી તેને બાળગીતો ગવડાવતાં, સરસ મજાની વાર્તાઓ કહેતા. તેને તો મજા મજા પડી જતી.

નાના, નાનીને ઘેર જવાનું તો કવિશાને ખુબ ગમતું. ગયા પછી સાંજે મમ્મી લેવા આવે ત્યારે કવિશાને તેની સાથે જવાની ના જ પાડે. મમ્મા મોબાઈલમાં ગેસ બતાવી ફોસલાવી પટાવી માંડ લઈ જઈ શકે.

કવિતા પથારીમાં બેઠી થઈ આમ તેમ જોવા લાગી. કવિશા તેની બહેનપણીઓ સાથે રમકડાંથી રમવાની ઈચ્છા દબાવી રાખતી હતી. કવિશ્માને એમ લાગતું કે કવિશાની બહેનપણીઓ તેનાં રમકડાં તોડી નાંખશે. તેથી કવિશાને ઘરમાં એકલાં એકલા રમવું પડતું. તેને એકલા રમવું ગમતું ન હતું.

કરિશ્મા અને તેના પતિ પોતાની વ્યસ્તતાને કારણે દીકરી સાથે સમય પસાર કરી શકતાં ન હતા. પરંતુ કિંમતી ગેમ્સ, અવનવા રમકડાં અને તેને ભાવતી ચીજો કયારેક ચોકલેટ તો કયારેક પાણીપુરી ખવડાવી પોતાનું વ્હાલ બતાવતાં.

કવિશાનાં આકર્ષક રમકડાં છોટા ભીમ, ટિંકી-મિંકી, મિન્ની, કુટુની જેમ તેઓ તેની સાથે રમી શકતા જ હતા. તેથી તે પોતાનાં રમકડાંને ઉપેક્ષા ભાવે જોઈ રહેતી. બાલમંદિરેથી ઘેર આવતાં આ રમકડોંઓ ને કારણે તે એકલી પડી જતી હતી. તેથી પોતે પણ કયારેક આ રમકડાં ને તોડવા લાગતી.

'મોન્ટુની જેમ જો ડૉકટર આંટી નાનકડો ભાઈ ગિફ્ટમાં લાવી દે તો'

કવિશા એક દિવસ ધીંગામસ્તી ને તોફાન કરતાં કરતાં મનમાં આવ્યું તે મમ્માને પૂછી બેઠી. દીકરીની વાત સાંભળી મમ્મા હંસી પડી હતી.

સવારના પંખીઓનો કલરવ સાંભણી દીકરી કવિશાની મીંઠી નિંદર ઊઠી ગઈ હતી. તેને મજા પડી ગઈ હતી. પોતાના અને મમ્મા-પપ્પાના ઓરડાની બારીના પડતા પર પડતા પંખીઓના પડછાયા ને તે પથારીમાં સુતાં સુતાં જોઈ રહી હતી.

તે વખતે ઓરડાની બારીના અધખુલ્લા પડદામાંથી બહાર જોતા વાદળી આકાશના ટુકડા પર તેની નજર મંડાઈ. જયા પંખીઓ ઉડાઉડ કરતાં હતા.

કવિશાનું ધ્યાન બહાર કલરવ કરતાં પંખીઓ એ ખેંચ્યું. જે સાંભળીને તેને બહાર જવાનું મન થઈ આવ્યું.

'મારે પણ આવી પાંખો હોય તો...' તે મનમાં બોલી તે પલંગમાંથી નીચે ઉતરી ખૂણામાં પડેલ ખુરશીને ધીરે ધીરે બારીની નજીક લાવી. ખુરશી પર ચડીને બહાર જોયું તો તેની આંખો આશ્ચર્યથી ચમકી ઉઠી. બગીચામાં તેની બહેનપણીઓ ખિસકોલીઓ જામફળને બે હાથે મસ્ત મજાની પકડીને ખોતરી ખાતી હતી. કોઈ વળી ઝાડની ડાળે આમતેમ ચડઉતર અને દોડાદોડી કરતી હતી. ચકલીઓ પણ ઝાડની ડાળે બેઠી બેઠી ચીં... ચીં... કહી રહી હતી. સામેના ફલેટના ઉપરના ભાગે બે-ત્રણ વાંદરા પણ આવી ગયા હતા. વાંદરીનું એક નાનું બચ્ચું તેની માંથી છૂટું પડી જરા દૂર જવાની કોશિશ કરતું હતું ત્યાં મોટો બુઢીયો દાંતથી ખીખીયાટા કરતાં પાછું જઈને માંની ગોદમાં લવાઈ જતું હતું.

આકાશમાં પંખીઓના ઝુંડને ઉડતું જોઈ કવિશાનું બાલમન રાજી રાજી થઈ ગયું હતું. તેણે વીન્ડોની ગ્રીલને બરાબર પકડી તેના પર માથું નમાવી તે ઊભી રહી ગઈ.

હવાની ઠંડી લહેરખી તેના ચહેરાને સહેલાવતી હતી. નાના-નાની સાથે તે ઈન્દ્રોડા પાર્કમાં ગયેલી ત્યારે જોયેલાં હરણ, સસલાં, કાચબા મોટું આરસ અને બતકો બધું તેને યાદ આવતું હતું અને મન તેની પાસે દોડી જવા મચલતું હતું. ત્યાં તેને મમ્મા પોતાની નજીક ઊભી હોય તેવો અહેસાસ થયો. મમ્માને અચાનક જોતાં ખિલખિલાટ કરતી ખુશીની મારી તેને વળગી પડી.

અનુસંધાન પાના નં. ૭ પર

દુનિયા રંગબિલોરી : દેખાવનો સંબંધ અને સંબંધનો દેખાવ

ગુલમહોર
દિનેશ દેસાઈ

જે. કૃષ્ણમૂર્તિ માનવીના સ્થુળ દેહ અને સુક્ષ્મ દેહને આ રીતે સમજાવતા કે "દરેક માણસ જે ભીતરથી છે, તેવો જ બહાર પણ હોય એવું હંમેશા બનતું નથી. માણસ જેવો દેખાય છે, એવો હોતો નથી. માણસ આત્મારુપ બની શકતો નથી. કારણ કે સ્વભાવ આડો આવે છે."

હિન્દી ફિલ્મની ગીતપંક્તિની જેમ "એક ચહેરે પે કઈ ચહેરે લગા લેતે હૈ લોગ..." સામાજિક પ્રસંગો અથવા સમુહ મિલન-મુલાકાતોમાં જ્યારે બે વ્યક્તિ મળે ત્યારે પોતે સુખી હોવાનો અવશ્ય દાવો કરે. પરંતુ તે વ્યક્તિ કદાચ પોતાની જાતને છેતરી રહી હોય છે. પોતે જ પોતાને સવાલ પુછવાની જરુર હોય છે કે તે ખરેખર સુખી છે?

> **દુ:ખ તો આપણાં પોતાનાં જ આપણને આપતાં હોય છે, જાણીતી વ્યક્તિને જ આપણા વિશે ખબર હોય છે કે આપણને કઈ જગ્યાએ પ્રહાર કરવામાં આવે તો વાગે અને દુ:ખ થશે**

સામાજિક પ્રસંગોએ તો લોકો એકમેકને એવા ઉમળકા અને પ્રેમથી મળતા હોય છે કે જાણે એકમેક સાથે કેટલો બધો પ્રેમ અને લાગણીનો નાતો છે. પરંતુ તેમના ચહેરાને વાંચતા જ ખ્યાલ આવી જાય કે આ તો પ્લાસ્ટિકનું સ્માઈલ છે. જાણે લોકો ખુશી, સ્મિત, આનંદનો ચહેરા ઉપર મેકઅપ કરીને જ ઘર બહાર નીકળતા હોય એવું જોવા મળે.

દરેક માણસ જ્યારે એકમેકને મળે ત્યારે એમ પુછે છે કે " કેમ છો?" અને જવાબમાં સામી વ્યક્તિ કહે છે કે "મજામાં..." પરંતુ શું ખરેખર વ્યક્તિ મજામાં હોય છે ખરી? આ જવાબથી સામી વ્યક્તિને કોઈ ફેર ન પણ પડે. પરંતુ "મજામાં..." કહીને આપણે આપણી જાતને જ છેતરતા હોઈએ છીએ.

દરેક વ્યક્તિ પહેલી વાર જ્યારે એકબીજાને મળે છે તે ઉષ્મા અને સુષ્મા દરેક વખતની મુલાકાત વખતે કેમ અનુભવાતી નથી? આપણે જેમને ઓળખતા હોય તેમને ફરી મળવાનો ઉમળકો થાય એવું ઓછું બને છે. કારણ કે બે અજાણ્યા માણસ પહેલી વાર મળે ત્યારે એકમેકની કોઈ જ ખામી-ખુબી જાણતા ન હોવાથી એકસરખાપણું અને સંવાદીતા પણ જળવાઈ રહે છે. કોઈ પણ વ્યક્તિને ખોતરો તો ઘાવ જોવા મળે અથવા નવા ઘાવ પણ પડે. ઢંકાઈ રહેવાનું આ સુખ છે, જે સંબંધની ઉષ્મા અને સુષ્મા પણ જાળવી રાખે છે.

બે અજાણી વ્યક્તિ એકમેક વિશે કશું જાણતા ન હોય અથવા જણાવવા પણ ન માગતા હોય એ પણ એક અર્થમાં તો તંદુરસ્ત સંબંધ જાળવી રાખવા માટેની સારી નિશાની જ છે. ઘણા કિસ્સામાં અપરિચિત વ્યક્તિ એકમેકને આંજી નાખવા અને પોતાના પ્રભાવ હેઠળ લઈ લેવા જ પ્રયાસ કરતી હોય છે. અજાણ્યા હોવાનું આ સુખ છે. કોઈ જાતનો ભાર રહેતો નથી. કોઈ પદ, ધન, કીર્તિ કે મોભો વગેરેનો ભાર મૂકીને સંબંધનો સરવાળો કરવા જેવો છે. આમ કરવું સહેલું નથી તો અઘરું પણ નથી.

સંબંધ નિભાવવામાં આપણે જાણીએ છીએ કે પહેલી, બીજી કે ત્રીજી મુલાકાત સુધી અપરિચિતતા અથવા બાહ્ય મેકઅપ અથવા દંભ યા શિષ્ટાચાર ટકી જાય છે. બે વ્યક્તિ એકમેકની નજીક આવે તેમ એકમેકને ઓળખતી પણ થાય છે. આપણે જેનાથી પરિચિત હોઈએ છીએ તેને મળવામાં સુખ મળતું નથી, કારણ કે આપણને ખબર હોય છે કે દુ:ખ, વિષાદ, વેદના, આંસુ, તિરસ્કાર અને દુશ્મની હંમેશા આપણા પોતાના જ આપણને આપતાં હોય છે. અજાણી વ્યક્તિ કે જે આપણને ઓળખતી જ ના હોય તે વ્યક્તિ ભલા આપણને દુ:ખ દઈ જ શકે, કઈ રીતે? એવું શક્ય જ નથી. આથી આપણને દુ:ખ દેવા માટે સામી વ્યક્તિએ આપણી સાથે પહેલા તો પરિચય-સંપર્ક કેળવવો પડે અને સંબંધ બાંધવો પડે.

દુ:ખ તો આપણાં પોતાનાં જ આપણને આપતાં હોય છે. જાણીતી વ્યક્તિને જ આપણા વિશે ખબર હોય છે કે આપણને કઈ જગ્યાએ પ્રહાર કરવામાં આવે તો વાગે અને દુ:ખ થશે. આપણને ન ઓળખતી અને સાવ અજાણી વ્યક્તિને તો શું ખબર હોય કે આપણા ઘાવ ક્યાં અને કયા કયા છે. વ્યક્તિ અંદરથી અને બહારથી જુદી હોય છે.

વ્યક્તિ બહાર ખુશી સજાવી રાખે છે અને પોતાનાં દુ:ખ-દર્દ ભીતર છુપાવી રાખે છે. પરંતુ જ્યારે સંબંધમાં સામીપ્ય ને નિકટતા કેળવાતી જાય ત્યારે એક વ્યક્તિ સામી વ્યક્તિમાં વિશ્વાસ મૂકતો જાય અને ખુલ્લી થતી જાય છે. આવું ખુલ્લાપણું વિશ્વાસના પાયા ઉપર ટકેલું હોય છે. પરંતુ મોટા ભાગના સંબંધોમાં વિશ્વાસનો લોપ થઈ જતો હોય છે અને અહીં જ સંબંધમાં પૂર્ણવિરામ પણ મૂકાઈ જતું હોય છે.

સ્ટોપર : "જો તમારે કોઈના દુશ્મન બનવાનું હોય તો પહેલા દોસ્ત બનવું પડે છે. કેમ કે દોસ્ત બન્યા વિના દુશ્મની સંભવ જ નથી, શક્ય જ નથી. અજાણી વ્યક્તિ તમારો દોસ્ત પણ ન હોઈ શકે યા દુશ્મન પણ ન હોઈ શકે."

– જે.કે.રોલિંગ

અહંકારનો એવોર્ડ ...!! હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે...!!

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

કવિ કાલિદાસ એટલે એક મહાન વ્યક્તિત્વ... બાળપણમાં મૂર્ખમાં ખપેલો અને બાદમાં સુંદર પત્નીના મ્હેણાંથી અત્યંત વિદ્વાન સર્જક બનેલા કાલિદાસના મનમાં એક સમયે મનમાં અહંકાર આવ્યો કે મારા જેટલો વિદ્વાન આ દુનિયામાં કોઈ નથી. એ પોતે મહાજ્ઞાની છે અને એ જ સર્વશ્રેષ્ઠ છે.

તેઓ એક દિવસ પ્રવાસ કરતાં હતા અને એમને તરસ લાગી હતી. થોડા અંતરે એમને એક ઝૂંપડી દેખાઈ જયાં એક વૃદ્ધ સ્ત્રી કુવામાંથી પાણી ભરી રહી હતી. કાલિદાસ ત્યાં પહોંચ્યા અને વિનમ્રતાથી બોલ્યા, 'માતે, મને પાણી આપશો? હું ક્ષુધાથી વ્યાકુળ છું. તમને એક વિદ્વાનને પાણી પીવડાવવાનું ખૂબ પુણ્ય મળશે.'

એ વૃદ્ધ સ્ત્રીએ કહ્યું, 'બેટા, મેં તને ઓળખ્યો નહીં, કૃપા કરીને તારો પરિચય આપ, એટલે હું તને પાણી આપું.' કવિ કાલિદાસે એનો પરિચય આપવાનો શરુ કર્યો,

'માતે, હું તો 'પ્રવાસી' છું.'

એ વૃદ્ધ સ્ત્રી બોલી, 'પ્રવાસી તો આ દુનિયામાં બે જ છે, એક 'સૂર્ય' અને બીજો 'ચંદ્ર' જેવો દિવસ-રાત સતત અટક્યા વગર, કોઈની રાહ જોયા વગર પ્રવાસ કરતાં રહે છે.'

'માતે, હું તો 'અતિથિ' છું, મને હવે તો પાણી આપો.'

'અરે બેટા, અતિથિ પણ તો બે જ છે. એક 'ધન' બીજી 'યુવાની' એ બંને કહ્યાં વગર આવે છે અને જતાં પણ રહે છે.' એ સાંભળી કવિ કાલિદાસે વિચારીને કહ્યું, 'હું તો 'સહનશીલ' છું, હવે પાણી આપો.'

'ના બેટા, સહનશીલ પણ માત્ર બે જ જણા છે. 'ધરતી' અને બીજું 'વૃક્ષ'. આ ધરતી પર કેટલાંક પુણ્યશાળી લોકો સાથે અઢળક પાપી લોકોને પણ આશરો આપીને સહન કરે છે, અને વૃક્ષ જેને લોકો પથરા મારે તોય પણ ફળ આપે છે. જીવતે જીવન સહન કરી એનાથી થાય એટલું આપે છે અને કપાયા બાદ પણ એ કેટલા કામમાં આવે છે? એટલે આ બંને જણા સહનશીલ છે.' હવે કાલિદાસ થોડા વિચલિત થયાં અને એમણે થોડા અહંકારથી કહ્યું, 'હું બહું 'જીદ્દી' છું.'

ત્યારે એ વૃદ્ધ સ્ત્રી હસીને બોલી. 'લે તું કેવી રીતે જીદ્દી હોઈ શકે જીદ્દી પણ માત્ર બે જણ છે. એક 'નખ' અને બીજાં 'વાળ'. આ નખ અને વાળ કેટલીયે વાર કાપીએ તો પણ પાછા વધી જ જાય છે ને? આપણે તો એકાદ વાતની જીદ કરીએ એ પુરી થાય એટલે નવી. જયારે નખ અને વાળ તો કાયમી જીદ્દી, કેમ ખરું ને?'

> **જીતનો જલસો માણવાની ઉતાવળ ન કર,**
> **જીતેલી બાજી હારી જવામાં વાર નથી લાગતી.**
> **તારી ઊંચાઈનું નાહક અભિમાન ન કર,**
> **કે મિનારાને તૂટી જવામાં વાર નથી લાગતી!**

કવિ કાલિદાસ હવે કંટાળ્યા હતાં તે બોલ્યા, 'હું મુર્ખ છું' વૃદ્ધ સ્ત્રી બોલી, 'ના હોં, મુર્ખ પણ બે જ લોકો છે. એક તો રાજા જે એની યોગ્યતા ન હોવા છતાં માત્ર વારસદાર તરીકે સિંહાસન શોભાવે છે. અને બીજો મંત્રી જે રાજાને ખુશ રાખવા રાજાની હા મા હા મિલાવે રાખે છે. સારાં ખોટાનો ભેદ પારખી એ રાજાને સ્પષ્ટ કહી શકતો નથી અને એટલે એ ડાહ્યો હોવા છતાંય મુરખમાં ખપે છે. પ્રજા, રાજા અને મંત્રી બંનેને મુરખ જ સમજે છે.'

કાલિદાસને હવે બ્રહ્મજ્ઞાન થયું કે આ સ્ત્રી તો વિદ્વાન છે અને મારા પ્રત્યેક પ્રશ્નને એ આબાદ ઉડાવી દે છે. એ હવે બીજા કોઈ પ્રશ્ન પૂછવાની પરિસ્થિતિમાં નહોતા એમણે શરણાગતી સ્વીકારી લીધી અને એ સ્ત્રીના પગમાં પડી ગયાં અને માફી માગી પાણી પીવડાવવા વિનંતી કરવા લાગ્યા.

વૃદ્ધ સ્ત્રીએ એના પરથી હાથ ફેરવતાં કહ્યું, 'ઉઠ વત્સ, હવે તને પાણી મળશે.' કવિ કાલિદાસે અવાજ સાંભળી મસ્તક ઊંચું કર્યું તો સામે સાક્ષાત સરસ્વતી માતા ઊભાં હતા. એ એમને હાથ જોડી નતમસ્તક થઈ ઊભો રહ્યા.

સરસ્વતી માતાએ કાલિદાસને કહ્યું, 'શિક્ષણથી જ્ઞાન પ્રાપ્ત થાય, અહંકાર નહીં, શિક્ષણને કારણે મળેલા માન, સન્માન અને પ્રતિષ્ઠાને તું સર્વસ્વ સમજી બેઠો અને તને તારી જાત પર અહંકાર આવ્યો. તારી આંખો ખોલવી જરૂરી હતી એટલે મારે આમ કરવું પડ્યું.' સરસ્વતી માતાએ એને પોતાના હાથે પાણી પાયું અને આશીર્વાદ આપ્યા. કવિ કાલિદાસ અહંકારને કુવામાં ફેંકી ફરી પોતાના પ્રવાસે અને જ્ઞાનની સેવા આપવા નીકળી પડ્યાં.

હમણાં એક વર્ષો પછી એવા જ અહંકારી અધિકારી મળ્યાં જે સત્તા પર હતા ત્યારે સ્ટાફ અને મુલાકાતી બધાનું બીપી હાઈ કરતાં હતાં, નિવૃત્તિ બાદ એ નશો ઉતર્યો ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. બગીચાના એક બાંકડે નિ:શબ્દ બેઠાં હતા. ત્યારે એમણે એટલો જ જવાબ આપ્યો, 'સત્તા હોય તો મદદરુપ થવાય, મગરુર ન થવાય એવું ટોકનારો એકાદ જણ મળ્યો હોત તો ?' વાત બિલકુલ સત્ય છે, જયારે કોઈ પણ કલા-સત્તા-સંપત્તિ હોય ત્યારે સમતુલન રાખી જાણે એ જ સિકંદર. બાકી રાજા રાવણ રામથી પણ જ્ઞાની અને શંકર ભગવાનનું વરદાન લઈને બેઠો હતો. માત્ર પોતાની શક્તિનો અહંકાર એને મૃત્યુભૂમિ તરફ લઈ ગયો.

આપણી આસપાસ નજર કરીએ તો કેટલાય એવા કલાકારો મળી આવશે જેમને પોતાના રૂપ, રુપિયો, રજવાડુનો અહંકાર છે. પણ આ કશું જ શાશ્વત નથી. હેમા માલિની, માધુરી દિક્ષીતે પણ કેરેકટર રોલમાં આવે છે એવું દિપીકા પાદુકોણ કે આલિયા ભટ્ટે સમજવું પડે એમ જ આપણી યુવાનીના કેફમાં મેળવેલી કે પટાવેલી વ્યક્તિ - વસ્તુ સમયાંતરે બીજું કોઈ હડપી જશે એટલું ધ્યાને રાખવું જ પડે ને?

રફી-કિશોર-મુકેશ પછી કોણ સિંગર ? એમાં કુમાર શાનુ, ઉદીત, સોનુ નિગમ, ગાંજાવાલાની સવારી યો યો હનીસીંગ - અરીજીત સુધી આવી ગઈ. એક જમાનામાં નખરા કરતો કિશોર કુમાર છેલ્લે શું કરતો હતો ? ગાવસ્કર - કપિલ - સચિન બાદ હમણાં ધોની પણ ઈતિહાસમાં જમા થયો, હવે જો કોહલી એવું ગુમાન કરે કે મારા વગર ક્રિકેટ ટીમનો ઉદ્ધાર નથી તો ? ભાઈ, બે-પાંચ વર્ષે બીજો કોઈ તારી જગ્યા લેવા તૈયાર જ હશે!

ટાટા-બીરલાથી લઈ અંબાણી અને ગાંધી-નહેરુથી લઈ મોદી-મનમોહન બધાંને એક સમય - સિતારો હોય છે. એ દરમિયાન જો અહંકારનો એવોર્ડ લેવાની હરિફાઈમાં ઉતર્યા તો અંત નિશ્ચિત છે. આપણે એવાં કેટલાંય લોકો કે ઈવન પરિવારના સભ્યો ને કહેતા સાંભળ્યા છીએ કે 'હું હોવું નથી ને તમારું કામ થાય નહીં' અને જયારે એ વ્યક્તિ (અભિમાની) જતી રહે તો શું તમારું કામ અટક્યું? તકલીફ પડે પણ સમયાંતરે ઠેકાણે પડી જ જાય. જો કવિ કાલિદાસ જેવા મહાજ્ઞાનીનું અભિમાન કચનાચૂર થઈ શકતું હોય તો હસ સબ તો કીસ ખેત કી મૂલી હૈ?

ચૂંટલો : જીવતે જીવત અભિમાનનો - ગર્વનો તાજ શિરે પહેરીને ફરતા બિરાદરો જયારે એમ કહે કે, 'અમારા વગર તો આ દુનિયા અટકી પડશે.' ત્યારે એમણે એક આંટો સ્મશાનનો મારવો જયાં આવાં કેટલાંય લોકોથી ખબર ભરેલી પડી છે, અને આ દુનિયા તો ટનાટન ચાલે છે.